# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન**

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ - ઉત્તર પશ્ચિમ ઝોન**

રાજમાતા વિજયારાજે સિંધીયા ભવન, ડે.ડાયરેકટરશ્રીની કચેરી, ૨ જો માળ,

જજીસ બંગલા રોડ, બોડકદેવ,અમદાવાદ.ઈ-મેઈલ : **ddnwzamc@gmail.com**


## શોર્ટ ટેન્ડર નોટીસ નં ૦૩/૨૦૨૪-૨૫

(૧) ઉત્તર પશ્ચિમ ઝોનના બોડકદેવ વોર્ડ ખાતે આવેલ ઔડા ગાર્ડન પાર્ટી પ્લોટની બે વર્ષ સુધી સફાઇ કરવા માટેની જાહેર ટેન્ડર નોટીસ :-

| | | |
|---|---|---|
| ટેન્ડર ફી | :- | **રૂ. ૧૫૦૦/- નો ડી.ડી." મ્યુનિસિપલ કમીશનર શ્રી અમદાવાદ" ના નામનો રજુ કરવાનો રહેશે** |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ | :- | **રૂ. ૮૩,૧૫૪/- નો ડી.ડી." મ્યુનિસિપલ કમીશનર શ્રી અમદાવાદ" ના નામનો રજુ કરવાનો રહેશે** |
| સીકયોરીટી ડીપોઝીટ | :- | **મંજુર થયેલ ભાવ મુજબ બે વર્ષ માટે થતી કોન્ટ્રાકટની રકમના ૫ % મુજબની રકમ** |
| ઓન લાઇન ટેન્ડર સ્વીકારવા ની છેલ્લી તારીખ | | **તાઃ**- ૧૨.૦૭.૨૦૨૪ સાંજે ૫-૦૦ કલાક |
| ટેક્નીકલ બીડ પાર્ટ "એ " સ્વીકારવાની છેલ્લી તારીખ- | :- | તા :- ૧૨.૦૭.૨૦૨૪ સાંજે ૫-૦૦ કલાક |
| ટેક્નીકલ બીડ પાર્ટ " એ " ખોલવાની તારીખ- | :- | તાઃ- ૧૫.૦૭.૨૦૨૪ બપોરઃ-૧૨-૦૦ કલાકે |
| ટેન્ડર મોકલવાનું સ્થળ | :- | આસી. મેનેજર શ્રી ( વહીવટ) - ઉત્તર પશ્ચિમ ઝોન, મહાનગર સેવાસદન, ઉત્તર પશ્ચિમ ઝોનની ઝોનલ કચેરી, બોડકદેવ, રાજમાતા વિજયારાજે સીધીયા ભવન, જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ -૩૮૦૦૫૪ |

૨.- આ ઇ ટેન્ડર બે બીડ માં રહેશે, જેમાં પાર્ટ એ ટેકનીકલ બીડ અને પાર્ટ બી કોર્મશીયલ બીડ. પાર્ટ એ અલગ કવરમાં જેના ઉપર પાર્ટી નુ નામ અને સરનામુ, સંપર્ક નંબર, ટેન્ડર ફી અને ઇ એમ.ડી. ના ડ્રાફટ સાથે નું સંપુર્ણ વિગતો સાથે નુ કવર આસી. મેનેજર શ્રી (વહીવટ), ઉત્તર પ. ઝોન, મહાનગર સેવા સદન, રાજમાતા વિજયા રાજે સિંધયા ભવન , બોડકદેવ, અમદાવાદ ૩૮૦૦૫૪ નાં સરનામે રજીસ્ટર એડી.,સ્પીડપોસ્ટ, કુરીયરથી અથવા રૂબરૂ જમા કરવાનું રહેશે.ટેન્ડરની ટેન્ડર ફી રૂા.૧૫૦૦/- નોન રીફન્ડેબલ) અને ઇ.એમ.ડી. રૂા. ૮૩૧૫૪/- છે. ઇ ટેન્ડરની વેબ સાઇટ ઉપર પાર્ટ બી કોર્મશીયલ બીડમાં ભાવ રૂપિયામાં ભરવાના રહેશે**, <u>અન્ય કોઇ પણ જગાએ ભાવ દર્શાવેલ હશે તો ટેન્ડર રદ કરી દેવામાં આવશે</u>.** ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. વગરનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

**<u>૩. ટેન્ડર સીલબંધ કવરમાં આપવાનું રહેશે</u>**.

જેમાં,કવર (A) પર ''ટેકનીકલ બીડ '' લખવાનું રહેશે અને તેની અંદર ટેન્ડર ફોર્મ, ટેન્ડર ફી તથા ઇએમડી ના (ડીડી / પે ઓર્ડર), **મ્યુનિસિપલ કમિશનર શ્રી,અમદાવાદના નામે રજુ કરવા ના રહેશે.** પરિશિષ્ટ - ૧, ફોર્મમાં જણાવેલ વિગતો અને તેમાં જણાવ્યા મુજબનાં ડોક્યુમેન્ટસ વિગેરે સામેલ કરવાના રહેશે. **ટેન્ડર ના ભાવ ઓન લાઇન જ ભરવા ના રહેશે અન્ય કોઇ જગ્યાએ ભાવનો ઉલ્લેખ કરેલો હશે તો ટેન્ડર રદ કરવા માં આવશે.** ઇ ટેન્ડરની વેબ સાઇટ ઉપર પાર્ટ બી કોર્મશીયલ બીડમાં ભાવ રૂપિયામાં ભરવાના રહેશે. આ ટેન્ડર ના ટેકનીકલ બીડની સમીક્ષા કર્યા પછી જે ટેકનીકલી યોગ્ય હશે તેને કોમર્શિયલ બીડ ખોલવાની મુદત ની જાણ કરવામાં આવશે.

૪. ટેન્ડર ફી તથા ટેન્ડરની અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમનો **ડી.ડી./પે ઓર્ડર મ્યુનિસિપલ કમિશનર શ્રી, અમદાવાદના** નામનો ટેન્ડર ફોર્મની સાથે સામેલ કરવાનો રહેશે.

**૫.** મંજુર થયેલ ભાવ મુજબ એક વર્ષ માટે થતી કોન્ટ્રાકટની રકમના ૫% સીક્યુરીટી ડીપોઝીટ તરીકે ગણવામાં આવશે. સદર સીક્યુરીટી ડીપોઝીટની રકમમાં તેઓએ ભરેલ ઇ.એમ.ડી.ની રકમ બાદ કરતા બાકીની રકમ સીક્યુરીટી ડીપોઝીટ પેટે તેઓને જાણ કર્યા તારીખથી દિન-૭માં ભરવાની રહેશે.( મંજુર થયેલ ટેન્ડરર દ્વારા ભરવામાં આવેલ ઇ.એમ.ડી.ની રકમ સીક્યુરીટી ડીપોઝીટમાં ગણી લેવામાં આવશે) સદર રકમ **મ્યુનિ.કમિશનર શ્રી**ના નામે ડીમાન્ડ ડ્રાફ્ટ / પે.ઓર્ડર થી જમા કરાવવાની રહેશે. જો સીક્યુરીટી ડીપોઝીટ સમય મર્યાદામાં ભરપાઇ કરવામાં નહી આવે તો મુદત બાદ પ્રતિ દિન રૂા. ૧૦૦૦/- પેનલ્ટી વસુલવામાં આવશે. અને જરૂર જણાયે ઇ.એમ.ડી.ની રકમ જપ્ત કરવા સુધીના પગલાં લેવામાં આવશે. સદર સીક્યુરીટી ડીપોઝીટની રકમ કોન્ટ્રાકટ પુરો થયેથી વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૬. ટેન્ડર ફી તથા ઇ.એમ.ડી. વગરનું ટેન્ડર રદ્દબાતલ ગણવામાં આવશે.

૭. ટેન્ડરના દરેક પાના ઉપર જમણી બાજુના ભાગ ઉપર કોન્ટ્રાકટરે સંસ્થાના સિકકા સાથે સહી કરવાની રહેશે.

૮. **ક્વોલીફિકેશન ક્રાઇટેરીયા**

- ટેન્ડરરને આ પ્રકારની સફાઇ કામગીરીનો ઓછામાં ઓછો છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ (૨૦૨૦-૨૧,૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩) નો અનુભવ હોવો જરૂરી છે. આ માટેના તેમના કરાર પત્રો / વર્ક ઓર્ડર અને સંતોષકારક કામગીરી કર્યા અંગેનું પ્રમાણપત્ર ( કે જેમાં ચુકવેલ પેમેન્ટની વિગતો દર્શાવેલ હોવું જરૂરી છે ) સામેલ કરવાનું રહેશે. તેમજ આ પ્રકારની કામગીરીનું ઓછામાં ઓછું રૂા. ૧૫,૦૦,૦૦૦/- નું કામ નાણાંકીય વર્ષ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧,૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩ માં પ્રતિ વર્ષ દરમ્યાન કરેલું હોવુ જોઇએ. જે અંગે જે તે સંસ્થામાં કરેલ કામગીરી અંગે ચુકવાયેલ પેમેન્ટ દર્શાવતાં સર્ટીફિકેટ તે સંસ્થાના સક્ષમ સત્તાધિકારીની સહી - સીકકા સાથે રજુ કરવાના રહેશે. અન્યથા તેઓનુ ટેન્ડર રદ ગણવામાં આવશે.
- **<u>સંતોષ કારક કામગીરી ના સર્ટી માં કરેલ કામગીરી નો સમયગાળો તથા કુલ કેટલા રુપીયા ની કામગીરી કરેલ છે, તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો હોવો જોઇએ તથા તમામ સર્ટીઓ ક્રમાનુસાર વર્ષ વાઇઝ રજુ કરેલા હોવા જોઇએ.(ફક્ત ત્રણ નાણાંકીય (વર્ષ ૨૦૨૦-૨૧,૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩) વર્ષ ના સર્ટી ,વર્ક ઓર્ડર તથા કરાર રજુ કરવા જેમાં ઓછા માં ઓછુ રૂ.૧૫,૦૦,૦૦૦/ નું કામ,</u>** <u>વર્ષ ૨૦૨૦-૨૧,૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩</u> **<u>માં પ્રત્યેક વર્ષે કરેલું હોવુ જોઇએ)</u>**
- ટેન્ડરર પાસે એમ્પ્લોઇઝ પ્રોવિડન્ડ ફંડ અંતર્ગત રજીસ્ટ્રેશન હોવું જોઇએ, જેની પ્રમાણિત નકલ મુકવાની રહેશે.
- ટેન્ડરર પાસે કોન્ટ્રાકટ લેબર કાયદા અંતર્ગત લેબર કમિશનર પાસે મેળવેલ લાયસન્સની પ્રમાણિત નકલ મુકવાની રહેશે.
- જી.એસ.ટી.તથા અન્ય તમામ પ્રકારના જરૂરી રજીસ્ટ્રેશન કરવાની / રજુ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની

| |
|---|
| રહેશે. |
| ➢ ટેન્ડર ભરનાર સંસ્થાનું ગવર્નમેન્ટ રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઇએ અને સાથે રજીસ્ટ્રેશનની કોપી સામેલ કરવાની રહેશે. **રજીસ્ટ્રેશન વિના ટેન્ડર ભરનારનું ટેન્ડર રદ્દબાતલ ગણાશે.** |
| ➢ ટેન્ડરરે પાનકાર્ડની નકલ ટેન્ડર સાથે બીડવાની રહેશે. |
| ➢ આ તમામ વિગતો કવર - એ ટેકિનકલ બીડ અંગેના કવરમાં સામેલ કરવાની રહેશે. આ વિગતો સિવાયનું ટેન્ડર રદ્દબાતલ કરવામાં આવશે. |
| ➢ **ટેક્નીકલ બીડ ના કવર માં ટેન્ડર ના ભાવ દર્શાવવા ના નથી પરંતુ ઓન લાઇન પ્રાઇસ બીડ માંજ ભાવ દર્શાવેલા હોવા જોઇએ.આ સીવાય અન્ય કોઇ જગ્યાએ ભાવ દર્શાવેલા હશે તો ટેન્ડર રદ કરવા માં આવશે.** |
| ૯.અધુરી વિગતવાળું, ખોટી માહીતીવાળું કે સહી - સિકકા વગરનું ટેન્ડર રદ્દબાતલ ગણવામાં આવશે તથા તે દફતરે કરવામાં આવશે. |
| **૧૦.** ટેન્ડર વેલીડીટી પીરીયડ :- ટેન્ડરની પ્રાઇસબીડ ખોલ્યા તારીખથી ૧૮૦ દિવસ રહેશે. |
| **૧૧.** જે ટેન્ડરરનું ટેન્ડર સ્વીકારવામાં આવશે તે ટેન્ડરરે તેઓનાં ભાવો મંજૂર થયાની જાણ કર્યેથી દિન - ૦૭ માં ટેન્ડરનાં મંજુર થયેલ ભાવ મુજબ એક વર્ષ માટે થતી કોન્ટ્રાકટની કિંમતનાં ૫% સીકયુરીટી ડીપોઝીટ તરીકે ભરવાની રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોપોરેશનના નિયમ મુજબ કોન્ટ્રાકટ પેપર પર સહી કરી આપવાની રહેશે. કોન્ટ્રાકટ પેપર ટેન્ડરરે લાવવાના રહેશે. સમય મર્યાદામાં સીકયુરીટી ડીપોઝીટ જમા ન કરાવવાના કીસ્સામાં પ્રતિ દિન રૂા. ૧૦૦૦/- પેનલ્ટી વસુલવામાં આવશે અને જરૂર જણાયે ઇ.એમ.ડી. જપ્ત કરવા સુધીના પગલાં લેવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનરશ્રીને અન્ય ટેન્ડરર કે અન્ય વ્યકિત કે પેઢીને કામ આપવાનો અબાધિત અધિકાર રહેશે. સીકયુરીટી ડીપોઝીટ કોન્ટ્રાકટનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયાનું વોર્ડ પ.હે.સુ. શ્રીનું વર્ક કમ્પ્લીશન સર્ટી તથા ફાયનલ બીલ પેમેન્ટ આપ્યા બાદ પરત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ સીકયોરીટી ડીપોઝીટ ઉપર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહી. |
| **૧૨.** વર્ક ઓર્ડર આપ્યાના દિન-૭ માં કામગીરી ચાલું કરવાની રહેશે અન્યથા તેઓને કામગીરીમાં રસ નથી તથા તેઓ કામ કરવા માંગતા નથી તેમ સમજી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી અન્ય પાર્ટીને કામગીરી સોંપવામાં આવશે. |
| **૧૩.**ટેન્ડરર વેલીડીટીની સમયમર્યાદા દરમ્યાન સ્વેચ્છાએ ટેન્ડર પાછું ખેચી શકશે નહી તથા કામગીરી સોંપાયા બાદ સમય મર્યાદામાં કામ શરૂ નહી કરનાર અથવા સંતોષકારક કામગીરી નહી કરનાર અથવા તો કામગીરી અધવચ્ચેથી છોડી દેનાર કોન્ટ્રાકટરની સીક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ તેઓની સંસ્થાને બ્લેકલીસ્ટ કરવામાં આવશે. |
| **૧૪.**દર માસે કરેલ કામગીરીનું બીલ રજુ કરવાનું રહેશે. બીલ સાથે સબંધિત વોર્ડના પ.હે.સુ. શ્રીનું સંતોષકારક કામગીરી કરેલ છે તે અંગેનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. બીલ તથા સર્ટીફીકેટ મળ્યા બાદ પેમેન્ટ અંગેની કાર્યવાહી હાથ ધરાશે. |
| **૧૫.** પ્રવર્તમાન સરકારી લઘુત્તમ વેતનધારાનું પાલન કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. કોન્ટ્રાકટરે સાથે સામેલ નમુના મુજબનું બાંહેધરીપત્ર રૂા. ૩૦૦/- નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર પર કરી ટેન્ડર સાથે બીડવાનું રહેશે. |
| **૧૬.**કામગીરી સાથે સંકળાયેલ તમામ સ્ટાફને લગતાં તમામ આનુષાંગિક ખર્ચાઓની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે તથા આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ જવાબદારી રહેશે નહી. |

**૧૭.**કોન્ટ્રાકટર દ્વારા આ કામગીરી માટે લાગુ પડતાં તમામ કાયદાઓ-નિયમો, મજુરોને લગતા કાયદાઓની તમામ જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે તથા જરૂરીયાત અનુસારના જે તે સરકારી વિભાગોનાં રજીસ્ટ્રેશન, લાયસન્સ વિગેરે મેળવવાની જવાબદારી તથા તે અંગેના ખર્ચ વિગેરેની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને તે અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહીં.

**૧૮. બોડકદેવ વોર્ડમાં આવેલ ઔડા ગાર્ડન પાર્ટીપ્લોટની સફાઇ માટેની અગત્યની શરતોઃ-**

સદર પાર્ટીપ્લોટ ની સફાઇ રોજે રોજ કુલ બે શીફટ (સવારે ૮ થી ૪, બપોરે ૪ થી રાત્રી ના ૧૨) માં કરાવવા ની રહેશે. જેમાં ઓછામાં ઓછા નીચે દર્શાવેલ મુજબની સંખ્યામાં મેનપાવર રાખી કામગીરી કરવાની રહેશે.

| - | - | પ્રસંગ હોય ત્યારે જરૂરી મેનપાવર | | પ્રસંગ ન હોય ત્યારે જરૂરી મેનપાવર | |
|---|---|---|---|---|---|
| અ.નં. | શિફટનો સમય | સફાઇ માટે જરૂરી મેનપાવર | સુપરવાઇઝરી મેનપાવર | સફાઇ માટે જરૂરી મેનપાવર | સુપરવાઇઝરી મેનપાવર |
| ૧ | સવારે ૮-૦૦ થી બપોરે ૪-૦૦ | ૪ | ૧ | ૨ | ૧ |
| ૨ | બપોરે ૪-૦૦ થી રાત્રીના ૧૨-૦૦ | ૪ | - | ૨ | - |

આ જરૂરીયાત પાર્ટીપ્લોટની ક્ષમતા, વપરાશના વિવિધ પ્રકાર વિગેરેને ધ્યાનમાં રાખી નકકી કરવામાં આવેલ છે. પરંતુ જરૂર જણાયે જે તે ચોક્કસ સમય માટે પબ્લીક હેલ્થ સુપરવાઇઝર શ્રી ( સબંધિત વોર્ડ ) ની સુચના મુજબ વધુ મેનપાવર પણ પુરા પાડવાના રહેશે. તે અંગે અલગથી વધારાનું કોઇ પેમેન્ટ ચુકવવામાં આવશે નહિ.

**નોંધ :- સદર શરત અંતર્ગત કરવાનાં થતા પેમેન્ટ કામગીરી પ્રસંગ હોય ત્યારે ઉપર જણાવેલ પત્રકમાં દર્શાવેલ નિયત મેનપાવર મુજબ તથા પ્રસંગ ન હોય ત્યારે ઉપર જણાવેલ પત્રક મુજબ નિયત મેનપાવર અનુસારનું થતુ પેમેન્ટ જ ચૂકવવાપાત્ર થશે.**

**શિફટ દરમ્યાન કરવાની થતી કામગીરી નીચે મુજબની રહેશે.**

૧. પાર્ટી પ્લોટના ખુલ્લાં ભાગની તથા પાર્કીંગની સફાઇ દૈનિક ધોરણે એક વખત કરાવવાની રહેશે.

૨. પાર્ટી પ્લોટમાં આવેલા રૂમો, રસોડું, સેનેટરી બ્લોકોની દૈનિક ધોરણે સફાઇ કરાવવાની રહેશે તથા કેમિકલ તથા જંતુનાશક દવાનો વપરાશ કરી એક વખત કરાવવાની રહેશે.

૩. પ્રસંગ સમયે વધુ મેનપાવરની જરૂરીયાત જણાયે વોર્ડ પ.હે.સુ. શ્રીની સુચના મુજબ વ્યવસ્થા કરવાની રહેશે. દરેક શિફટમાં સફાઇ માટે અલગ અલગ સ્ટાફ રાખવાના રહેશે અને તેઓના ઓળખપત્રો (આઇ કાર્ડ )રજુ કરવાના રહેશે.

- ➢ જયારે પણ પાર્ટીપ્લોટમાં કોઇ કાર્યક્રમ હોય ત્યારે કાર્યક્રમ શરૂ થતાં પહેલાં અને કાર્યક્રમ પુરો થાય તે બાદ તેની સંપુર્ણપણે સફાઇ કરવાની રહેશે. રાત્રીના પ્રસંગ / કાર્યક્રમ બાદ સંપૂર્ણ પ્રિમાઇસીસની સફાઇ રાત્રીએ કરી સવાર સુધીમાં તેને ફરીથી વપરાશ યોગ્ય સ્થિતિમાં લાવવાનું રહેશે.
- ➢ પી.એફ., ઇ.એસ.આઇ.સી. તથા તે સિવાયના લાગું પડતા તમામ સરકારી વિભાગોની પ્રત્યક્ષ કે પરોક્ષ તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.
- ➢ કોન્ટ્રાકટર દ્વારા કામ પર રાખવામાં આવે તે તમામની આધારકાર્ડ સહિતની યાદી વોર્ડના પ.હે.સુ. શ્રી ને પુરી પાડવાની રહેશે.
- ➢ આ ઉપરાંત વોર્ડના પ.હે.સુ. શ્રી મારફતે સદરહુ પરિસરમાં સફાઇને લગતી કામગીરી માટે જે કોઇ સુચના આપવામાં આવે તેનું

| |
|---|
| પાલન કરવાનું રહેશે. |
| ➢ ઉચ્ચ ગુણવત્તાની સાધન - સામગ્રી, કેમિકલ્સ, પાવડર વિગેરે કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે લાવવાનું રહેશે. અ.મ્યુ.કો. દ્વારા કોઇ પણ સાધન સામગ્રી, કેમિકલ્સ, પાવડર વિગેરે પુરા પાડવામાં આવશે નહિ.<br>➢ સેનેટરી બ્લોકની સફાઇ ફીનાઇલથી કરવાની રહેશે.<br>➢ યુરીનલ બ્લોકમાં ડામરની ગોળીઓ મુકવાની રહેશે.<br>➢ યુરીનલ બ્લોકમાં સારી ક્વોલીટીનું લીક્વિડ હેન્ડવોશ ઉપલબ્ધ કરાવવાનું રહેશે તથા એરફ્રેશનર લગાવવાનું રહેશે.<br>➢ ગાર્બેજ રૂમની આજુબાજુ જંતુનાશક દવાનો છંટકાવ કરવાનો રહેશે. |
| ➢ પાર્ટીપ્લોટના બુકીંગ ની વિગતો અ.મ્યુ.કો. ની વેબસાઇટ / આસી. મેનેજર શ્રી ( વહીવટ, ઉ.પ. ઝોન ) કે વોર્ડના પ.હે.સુ.શ્રી પાસે થી મેળવી લેવાની રહેશે. |
| ➢ કામગીરી સારૂ જે પણ કોઇ સુરક્ષાના સાધનોની જરૂર પડે તે કોન્ટ્રાકટરે કામદારોને પુરા પાડવાના રહેશે. અ.મ્યુ.કો. ની તેમાં કોઇ જવાબદારી રહેશે નહિ. |
| **૧૯.** ઉપરોકત જગ્યાની સફાઇ કામગીરી કર્યા બાદનો કચરો તથા કીચનવેસ્ટનો નિકાલ ગાઇડ લાઇન્સ અનુસાર કરવાનો રહેશે તથા કચરો બંધ ઢાંકણ વાળા ડસ્ટબીનમાં એકત્ર કરવાનો રહેશે. |
| **૨૦. સદર કોન્ટ્રાકટની મુદ્દત કામગીરી શરૂ કર્યા થી પ્રથમ બે વર્ષની રહેશે.** જેમાં પ્રથમ વર્ષે એક વર્ષની કામગીરીનો વર્ક ઓર્ડર અપાશે. તેની કામગીરી સંતોષપૂર્વક જણાયે થી વધુ એક વર્ષ માટે કામીગરીનો વર્ક ઓર્ડર અપાશે. |
| **૨૧.** સદર કોન્ટ્રાકટ ટેન્ડર શરતો અનુસાર જો કોન્ટ્રાકટરની કામગીરી સંતોષકારક જણાઈ આવશે તો કોન્ટ્રાકટનો સમયગાળો પુરો થયેથી મંજૂર થયેલ શરતોને આધિન બંન્ને પક્ષોની સંમતિથી મુદ્દત લંબાવી શકાશે. |
| **૨૨.** સૌથી ઓછા ભાવનું ટેન્ડર કે કોઇપણ ટેન્ડર અથવા તેના ભાગો સ્વીકારવા કે નહિ તેનો સંપુર્ણ હકક મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો રહેશે અને તે માટે કોઇપણ કારણ આપવામાં આવશે નહિ. કોન્ટ્રાકટના સમય દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા કોન્ટ્રાકટર વચ્ચે ઉભા થતાં કોઇપણ વિવાદ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે. |
| **૨૩.** કોઇપણ શરતી ટેન્ડર સ્વીકારવું કે ના સ્વીકારવું તેનો અબાધિત હકક મ્યુનિસિપલ કમિશનરશ્રીનો રહેશે. ટેન્ડર કે તેનો ભાગ કોઇપણ જાતનાં કારણો આપ્યા વગર સ્વીકારવો કે નહી તેનો અબાધિત હકક મ્યુનિસિપલ કમિશનરશ્રીનો રહેશે. |
| **૨૪.** કામગીરીને જોખમને આધિન સ્ટાફ માટે લેવા પડતા તમામ જરૂરી વીમા લેવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. |
| **૨૫.** પેમેન્ટની બાબતે બેન્ક એકાઉન્ટની વિગત જેવી કે બેન્કનું નામ, શાખા, એકાઉન્ટ નંબર, બેન્કનો એમ.આઇ. સી. આર.(માઇકર) નંબરની તથા પરમેનેન્ટ એકાઉન્ટ નંબર, બેંકનો આઇ. એફ. એસ. સી. કોડ નંબરની વિગતો આપવી ફરજીયાત છે. |
| **૨૬.** જી.એસ.ટી./ સર્વિસ ટેક્ષ તથા અન્ય કોઇપણ સરકારી કરવેરાની તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.તમામ પ્રકાર ના રજીસ્ટ્રેશન કરાવવા ની /રજુ કરવા ની જવાબદારી કોન્ટ્રાક્ટર ની રહેશે તથા આ અંગે જરૂરી રજીસ્ટ્રેશન અંગેનાં પુરાવાં ટેન્ડરનાં ટેકનીકલ બીડ સાથે જ રજૂ કરવાનાં રહેશે. |
| **૨૭.** કોન્ટ્રાક્ટનાં સમયગાળા દરમ્યાન કોન્ટ્રાક્ટરની ખરાબ કામગીરી બદલ કે અન્ય કોઇ પણ કારણોસર જો મ્યુનિસિપલ કોર્પોરેશનને કામગીરી યોગ્ય ન જણાય અને / અથવા આ પ્રકારની કામગીરીની જરૂરીયાત ન જણાય તો દિન-૩૦ |

ની નોટીસ આપી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અધવચ્ચેથી પણ કોન્ટ્રાક્ટ રદ કરી શકશે.વળી કોન્ટ્રાકટરની ખરાબ કામગીરી બદલ તેઓને બ્લેક લીસ્ટ કરવા સુધીની કાર્યવાહી પણ કરી શકાશે જે અંગે કોઇ વિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહી તથા તે કોન્ટ્રાક્ટરને માન્ય રહેશે.

**૨૮.** સદર સર્વિસ પૂરી પાડવા અંગે સરકારી ધારાધોરણો મુજબ જરૂરી લાયસન્સ કે અન્ય કોઇ બાબતની જરૂરીઆત રહેતી હોય તો તે અંગેની સઘળી જવાબદારી તથા તેનું પાલન કરવાની પણ સમગ્ર જવાબદારી કોન્ટ્રાક્ટરનાં શિરે રહેશે.

**૨૯.** કોન્ટ્રાકટરે તમામ દિવસો (તહેવાર સહિત) કામગીરી કરવાની રહેશે.

**૩૦.** સદર ટેન્ડરને લગતાં કોઈપણ વાદ-વિવાદ માટેનું કાયદાકીય કાર્યક્ષેત્ર અમદાવાદ શહેર કોર્ટ વિસ્તાર રહેશે.

**૩૧.** ટેક્નીકલ બીડ ભરતી વખતે તેમાં ક્યાંય ભાવો આપવા ના કે તે બાબત નો ઉલ્લેખ કરવા નો રહેશે નહી.ભાવો ફક્ત ઓન લાઇન પ્રાઇસબીડ માંજ ભરવા ના છે.

૩૨.કામગીરી દરમ્યાન કોઇ પણ અનિચ્છનીય ઘટના બને અને તેમાં જો કોઇ જાનમાલનું નુકશાન થાય તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.અ.મ્યુ.કો. ની કોઇ જવાબદારી રહેશે નહિ.

૩૩. કોઇ પણ એજન્સી દ્વારા એક થી વધુ ટેન્ડર ભરી શકાશે નહિ.

**૩૪.** એજન્સીના સ્ટાફની કોઇ પણ ગેરવર્તુણુંક / કે અન્ય કોઇ પણ બાબત કે જેમાં કાયદાનો ભંગ થતો હોય તે માટે એજન્સી જ જવાબદાર રહેશે.

૩૫. **Not More than one tender shall be submitted by a contractor or by a firm of contractors. No two or more concerns in which an individual is interested as a proprietor and / or a patner & / or director shall submit tender for the execution of the same work / tender. If they do so all such tender shall be liable to be rejected.**

૩૬.બીડર / પેઢીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ, પ્રમાણપત્ર, સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરાયેલ હોવા જોઇએ તેમજ ટેન્ડર ઓપનીંગ તારીખે માન્ય/વેલીડ હોવા જોઇએ. ટેન્ડરમાં દર્શાવેલ ફીઝીકલ ડોક્યુમેન્ટસ રજૂ કરવા અંગેની નિયત તારીખ બાદ બીડર / પેઢી દ્વારા રજૂ કરેલ કોઇપણ મૂળભૂત દસ્તાવેજી પુરાવાઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી, તેમજ ટેકનિકલ બીડના ઓપનીંગ બાદ ખૂટતા દસ્તાવેજી પુરાવા માટે કોઇ પૂર્તતા કરવાની રહેશે નહી/પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી તેમજ જો કોઇ વધારાની ચકાસણી અથવા પૂર્તતા સંબધિત ખાતાને જરૂરીયાત જણાશે તેવા સંજોગોમાં ડે.મ્યુનિ. કમિશનરશ્રીની પૂર્વ મંજુરી મેળવી ટેન્ડર ઇવોલ્યુએશન કરવામાં આવશે. જો કોઇ પૂરાવા ઓનલાઇન રજૂ કરેલ ન હોય પરંતુ ટેકનિકલ બીડમાં સપોર્ટીંગ ડોક્યુમેન્ટ સાથે રજૂ કરેલ હશે તેને માન્ય રાખવામાં આવશે.

૩૭.ટેન્ડર કામગીરીમાં વધુ પારદર્શિતા આવી શકે તેમજ યોગ્ય બીડરનું સિલેક્શન થાય તે માટે

**Disqualification :**

- **Even though the Applicants meet the required criteria, they are subject to be disqualified if Applicant or any of its constituent partner/s, director/s have: - Made misleading or false representation in the forms, statements, and attachments submitted; or - Been debarred or terminated or blacklisted by Central Govt. organization / State Govt. organization / AMC / Any Municipal Corporation / ULBs etc.**
- **If, any of the directors, partners or the proprietor has a criminal history or has been convicted by any court of law for any of the offenses under any Indian laws.**

| |
|---|
| • **If, any criminal proceeding is pending in any court of law in India against any of the directors, partners or a proprietor and if any such proceeding culminates intoconviction** |
| ૩૮.ટેન્ડર ટેકનિકલ બીડ ખોલ્યા પછી અને પ્રાઇઝ બીડ ખોલતા પહેલા જે તે ટેન્ડર ભરનાર એજન્સી દ્વારા વાંધા/ફરીયાદો કરી શકાશે. જો પ્રાઇઝ બીડ ખોલ્યા બાદ ટેન્ડર ભરનાર કોઇ એજન્સી દ્વારા વાંધા/ફરીયાદ કરવામાં આવશે તો તેને ટેન્ડર પ્રક્રિયા પર અસર કરવાના આશયથી અને સક્ષમ સત્તા પર દબાણ કરવાનાં આશયથી ફરીયાદ કરવામાં આવેલ છે તેમ માની વાંધા/ફરીયાદ કરનાર એજન્સીને ટેનડર પ્રક્રિયમાંથી ૫ (પાંચ) વર્ષ સુધી Debar કરવામાં આવશે અને અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. ફરીયાદો/વાંધા ટેન્ડર ભરનાર એજન્સી દ્વારા કરવામાં આવેલ નહી હોય તો તેને ચકાસણી વગર જ દફતરે કરવામાં આવશે. |
| ૩૯.ટેન્ડરર કામ બાબતે કોઈ પેટા કોન્ટ્રાકટ આપી શકશે નહી. |
| ૪૦.શરતી ટેન્ડર રદ્દ ગણવામાં આવશે. |
| ૪૧. ટેન્ડર ભરનાર કોન્ટ્રાકટરે ટેન્ડરમાં જણાવેલ સ્થળની રૂબરૂ મુલાકાત લઇ સ્થળ સ્થિતિ તપાસી ટેન્ડર ભરવું ટેન્ડરરે સ્થળ સ્થિતિ રૂબરૂ તપાસી ને જ ટેન્ડર ભરેલ છે તેમ માનવામાં આવશે. |
| • **<u>પેનલ્ટી ની શરતો</u>** |
| **૧.)** લઘુત્તમ જરૂરીયાત કરતાં ઓછો સ્ટાફ હશે તો પ્રતિ ગેરહાજર માણસ દીઠ રૂા. ૫૦૦/- ની પેનલ્ટી કરવામાં આવશે. મહીનામાં આ પ્રકારના બનાવ ૫ થી વધુ વખત બન્યેથી ત્યારબાદ પ્રતિ માણસ દીઠ રૂા. ૫૦૦૦/- પેનલ્ટી કરવામાં આવશે. |
| **૨.)** પાર્ટીપ્લોટની સફાઇ કામગીરીની ગુણવત્તા અંગે કોઇ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહી. સદરહુ જગ્યા પર આયોજીત કાર્યક્રમો દરમ્યાન જો સફાઇની કામગીરી અસંતોષકારક માલુમ પડશે તો દરેક કાર્યક્રમ દિઠ રૂા. ૫,૦૦૦/- પેનલ્ટી પેટે વસુલ લેવામાં આવશે. આ પ્રકારની ફરીયાદોનું પ્રમાણ વધુ મળવાના કિસ્સામાં સક્ષમ સત્તાધિકારી દ્વારા જે પણ પેનલ્ટી નકકી કરવામાં આવે તે વસુલ લેવામાં આવશે. |
| ૩.)નિયમોનુસાર યોગ્ય કેમિકલ / જંતુનાશક દવા / સફાઇના સાધનો કામદારોને પુરા પાડવામાં નહિ હોવાના કિસ્સામાં કે તેનો સંતોષકારક ઉપયોગ નહિ થવાના કિસ્સામાં પ્રત્યેક બનાવ દિઠ રૂા. ૫૦૦/- ની પેનલ્ટી કરવામાં આવશે અને મહીનામાં આ પ્રકારના બનાવ ૦૫ થી વધુ વખત બન્યેથી પ્રતિ બનાવ રૂા. ૩૦૦૦/- પેનલ્ટી કરવામાં આવશે. |
| **૪.)** કોન્ટ્રાકટરે કામ કરતાં સ્ટાફને કોટી આપવાની રહેશે. કોટી વગર કામ કરતાં જણાશે તો પ્રતિ માણસ રૂા. ૧૦૦/- પેનલ્ટી કરવામાં આવશે. |
| **૫.)** કામ કરનાર સ્ટાફને કોન્ટ્રાકટરે ઓળખપત્ર આપવાનું રહેશે અને કામના સમયે ઓળખપત્ર લગાડેલું હોવું જોઇએ. ઓળખપત્ર વગર કામ કરતાં જણાશે તો પ્રતિ વ્યકિત રૂા. ૧૦૦/- પેનલ્ટી કરવામાં આવશે.<br>૬.)સુચના મુજબ વધારાના મેનપાવરની વ્યવસ્થા કરવામાં કોન્ટ્રાકટર નિષ્ફળ જશે તો તેવા કિસ્સામાં પ્રતિ બનાવ રૂા. ૧૦૦૦/- પેનલ્ટી વસુલવામાં આવશે. |

પ.હે.સુ. સેની.સુપ્રિ. ડે.ડાયરેક્ટર એચ.ઓ.ડી. (જનરલ) ડે.મ્યુનિ.કમિશનર

બોડકદેવ વોર્ડ		ઉત્તર પ. ઝોન		ઉત્તર પ. ઝોન		ઉત્તર પ. ઝોન		ઉત્તર પ. ઝોન

મેં / અમો, ટેન્ડર ફોર્મમાં જણાવેલ તમામ વિગત ખરી છે તેની ખાતરી આપીએ છીએ તથા ટેન્ડર અંગેના તમામ નિયમો અને શરતો મેં / અમા એ વાંચ્યા છે, સમજ્યા છે અને મને / અમોને કબુલ-મંજુર અને બંધનકર્તા રહેશે. આ બાબતે હું કોઈપણ વાદ-વિવાદ કે અપીલ કરીશ નહીં.

**તારીખઃ-**		**ટેન્ડરરની સહી તથા સિક્કો**

**સ્થળઃ-**

- ઔડા ગાર્ડન પાર્ટીપ્લોટ બોડકદેવ પરીસરની સફાઇ કામગીરી માટે દર માસે જરુરીયાતની સાધન સામગ્રી

| ક્રમ | સાધન સામગ્રીની વિગત | દર માસે જરૂરીયાત |
|---|---|---|
| ૧ | સાવરણી | નંગ -૨૦ |
| ૨ | મુઠ્ઠા | નંગ-૨૦ |
| ૩ | પોતા | નંગ-૧૦ |
| ૪ | ફીનાઇલ | ૨૦ લિટર |
| ૫ | એસીડ | ૨૦ લિટર |
| ૬ | કપુરની ગોળીઓ | ૧૦૦ નંગ |
| ૭ | બ્રશ | ૧૦ નંગ |
| ૮ | પોતા કરવા ડોલ | ૧૦ નંગ |
| ૯ | રૂમ ફ્રેશનર | ૧૦ નંગ |
| ૧૦ | કોરા ગાભા | ૦૫ કિ.ગ્રા. |
| ૧૧ | કાળી બેગ (મોટી સાઇઝ ) | ૨૫ કિ.ગ્રા. |
| ૧૨ | ડ્રાય મોપ રીફીલ | ૧૦ નંગ |
| ૧૩ | ડ્રાય મોપ સેટ | ૧૦ નંગ |
| ૧૪ | કોસ્ટીક સોડા | ૧૦ કિ.ગ્રા. |
| ૧૫ | સુપડી | ૧૦ નંગ |
| ૧૬ | ગ્લાસ ડસ્ટર | ૧૦ નંગ |
| ૧૭ | વાઈપર | ૦૫ નંગ |

| | | |
|---|---|---|
| ૧૮ | હેન્ડ વોશ ( લીક્વિડ શોપ ફ્રેમ ) | ૧૦ લિટર |
| ૧૯ | હીપોલીન પાઉડર | ૧૦ કિ.ગ્રા. |
| ૨૦ | ડેટોલ સાબુ | ૧૦ નંગ |
| ૨૧ | ટેબલ ડસ્ટર | ૧૦ નંગ |
| ૨૨ | ટોઈલેટ પેપર રોલ | ૧૦ રોલ |

- સંપુર્ણ પાર્ટીપ્લોટ પરીસરની સફાઇ કામગીરી  માટે આંતરીક માસે જરુરીયાતની સાધન સામગ્રી

| ક્રમ | સાધન સામગ્રીની વિગત | આંતરીક માસે જરૂરીયાત |
|---|---|---|
| ૧ | વેટ / ડ્રાય / વેકયુમ કલિનર | ૦૧ નંગ |
| ૨ | ડસ્ટ કલેકટર | ૦૧ |
| ૩ | ફ્લોર ડસ્ટર | ૦૫ |

ઉપરોકત સાધન સામગ્રી દર માસે ઓડીટોરીયમ ખાતે ફરજ પરના અ.મ્યુ.કો. ના કર્મચારીને જમા કરાવવાની રહેશે તેમજ તે સાધન સામગ્રી જમા કરાવ્યાનું સર્ટી મેળવી દર માસે બીલ સાથે રજુ કરવાનું રેહશે.

નોંધઃ- આ ઉપરાંત ઉપરી અધિકારીશ્રીની સુચના મુજબની સફાઇની સાધન સામગ્રી પુરી પાડવાની રહેશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ - ઉત્તર પશ્ચિમ ઝોન
રાજમાતા વિજયારાજે સિંધીયા ભવન, ડે.ડાયરેકટરશ્રીની કચેરી, ૨ જો માળ,
જજીસ બંગલા રોડ, બોડકદેવ,અમદાવાદ.ઈ-મેઈલ : ddnwzamc@gmail.com


# પરિશિષ્ટ - ૧

## શોર્ટ ટેન્ડર નોટીસ નં- ૦૩/૨૦૨૪-૨૫

## ટેન્ડર ફોર્મ

**ખાસ સૂચના :-** સદર ટેન્ડર ફોર્મ, ઈ.એમ.ડી., ટેન્ડરફી, અનુભવની વિગતો, લાયકાત અંગેનાં પુરાવા વિગેરે સહિત ટેન્ડર શરતોમાં જણાવેલ તમામ માહિતી/પુરવા ટેકનીકલ બીડ અંગેનાં કવર - **A** માં મુકવાનાં રહેશે. (કવોલીફીકેશન ક્રાઈટેરીયામાં સુચવ્યા મુજબના માંગેલ તમામ વિગતોના પુરાવા સામેલ રાખવાના રહેશે અન્યથા ટેન્ડર રદ કરવામાં આવશે. )

(૧)બોડકદેવ વોર્ડમાં આવેલ ઔડા ગાર્ડન પાર્ટી પ્લોટની સફાઇ કામગીરી બે વર્ષ માટે કરવા માટે નુ ટેન્ડર

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડરરનું નામ | :- | ........................................................ |
| ૨ | ટેન્ડરરનું સરનામુ | :- | ........................................................ |
| | | | ........................................................ |
| ૩ | સંપર્ક નંબર | :- | (ઓ.)..................(ફેકસ)......... |
| | | | (રહે.)............................... |
| | | | (મો.)............................... |
| | | | ઈમેલ આઈ.ડી........................................... |
| ૪ | મુખ્ય વ્યક્તિનું નામ (સંસ્થાનાં) | :- | ........................................................ |
| | સરનામુ | :- | ........................................................ |
| | | | ........................................................ |
| | સંપર્ક નંબર | :- | (ઓ.)..................(ફેકસ)......... |
| | | | (રહે.)............................... |

<table>
<tr><td></td><td></td><td></td><td>(મો.)...............................</td></tr>
<tr><td></td><td></td><td></td><td>ઈમેલ આઈ.ડી..............................................</td></tr>
<tr><td rowspan="5">૫</td><td rowspan="5">ટેન્ડરરનાં બેંકની વિગત</td><td rowspan="5">:-</td><td>બેંકનુંનામ ..................................................</td></tr>
<tr><td>શાખા..........................................................</td></tr>
<tr><td>એકા.નંબર......................................................</td></tr>
<tr><td>પ્રકારઃ-ચાલુ ખાતુ / બચત ખાતુ...................................</td></tr>
<tr><td>માઈકર નંઃ-......................................................</td></tr>
<tr><td>૬</td><td>ટેન્ડરરનો પાન નંબર - તારીખ (ઇન્કમટેક્ષ વિભાગનો) નકલ સામેલ કરવી.</td><td>:-</td><td></td></tr>
<tr><td>૭</td><td>GSTનોંધણી/ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ તથા તેનો નંબર</td><td>:-</td><td></td></tr>
<tr><td>૮</td><td>છેલ્લાં ત્રણ નાણાંકીય વર્ષ ( ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ ) માં વર્ષ વાર કરેલ કામગીરીની વિગતો</td><td>:-</td><td>
<table>
<tr><td rowspan="2">અ.નં.</td><td rowspan="2">કામનો પ્રકાર</td><td rowspan="2">જે જગ્યાએ કામગીરી કરી હોય તેની વિગત</td><td colspan="3">કરેલ કામની રકમ</td></tr>
<tr><td>૨૦૨૦-૨૧</td><td>૨૦૨૧-૨૨</td><td>૨૦૨૨-૨૩</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
</table>
</td></tr>
</table>

ઉપર જણાવેલ તમામ વિગતો ખરી છે તેની ખાત્રી આપીએ છીએ તથા ટેન્ડર અંગેનાં તમામ નિયમો અને શરતો મેં/અમે વાંચ્યા છે, સમજ્યા છે અને મને / અમોને કબૂલ - મંજુર અને બંધનકર્તા રહેશે.

તારીખઃ-

ટેન્ડરરની સહી તથા સિક્કો

સ્થળઃ-

**AHMEDABAD MUNICIPAL CORPORATION**

**NORTH WEST ZONE ZONAL OFFICE,RAJ MATA VIJAYARAJE SHINDHIYA BHAVAN,JUDGES BUNGLOW ROAD,BODAKDEV, AHMEDABAD**

# PRICE BID FORM -B

| Sr.no | Details | Total Monthly rate |
|---|---|---|
| 1 | Cleaning work of Auda garden party plot for 2 years in Bodakdev ward North west zone. | |
| | | Rs......................... <br> Rupees in words.................................................... <br> .................................................... |

- pricebid with overwritting or unreadable amount will be rejected.
- Amount mentioned above is including all types of taxes and duties.
- If there is any variation in figure and words then the amount written in words will be considered.

Date :-　　　　　　　　　　　　　　　Tenderer name

Place :-　　　　　　　　　　　　　　　sign & stamp

મહાનગર સેવા સદન
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ - ઉત્તર પશ્ચિમ ઝોન
રાજમાતા વિજયારાજે સિંધીયા ભવન, ડે.ડાયરેકટરશ્રીની કચેરી, ૨ જો માળ,
જજીસ બંગલા રોડ, બોડકદેવ,અમદાવાદ.ઈ-મેઈલ : ddnwzamc@gmail.com

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## " પ્રાઈસબીડ ફોર્મ "

## શોર્ટ ટેન્ડર નોટીસ નં ૦૩/૨૦૨૪-૨૫

**ઉત્તર પ. ઝોનના બોડકદેવ વોર્ડમાં આવેલ ઔડા ગાર્ડન પાર્ટીપ્લોટની સફાઇ કામગીરી બે વર્ષ સુધી કરવા માટેનુ જાહેર શોર્ટ- ટેન્ડર.**

| ક્રમ | કામની વિગત | કુલ માસીક ભાવ |
|---|---|---|
| ૧ | બોડકદેવ વોર્ડમાં આવેલ ઔડા ગાર્ડન પાર્ટીપ્લોટની ટેન્ડરમાં જણાવેલ શરતોથી બે વર્ષ સુધી સફાઇ કામગીરી કરવા માટેનુ ટેન્ડર | રૂા........................................................................<br>(શબ્દોમાંરૂા...................................................................<br>.............................................) |

- ચેક ચાકવાળી કે અસ્પષ્ટ રકમ કે અવાચ્ય રકમવાળા ટેન્ડરો રદ બાતલ ગણવામાં આવશે.
- ટેન્ડરમાં ઉપર જણાવેલ ભાવ તમામ પ્રકારનાં ટેક્ષ, ડયુટી વિગેરે કે આ પ્રકારની કામગીરીને લગતા હોય તે સહિત ભરવાનાં રહેશે.
- જો શબ્દોમાં તથા આંકડામાં લખેલ ભાવમાં તફાવત જણાશે તો શબ્દોમાં લખેલ ભાવ ગણતરીમાં લેવામાં આવશે.

**તારીખ:- ......./......./........** 
**સ્થળ :-.........................**

**ટેન્ડરરનું નામ........................**
**સહી/સિક્કા**

# AHMEDABAD MUNICIPAL CORPORATION

## SWM DEPARTMENT NORTH WEST ZONE

## Short Tender Notice No. 03/NWZ/ 2024-25.

**Bid Documents For**

**Short Tender Notice No. 03/NWZ/ 2024-25**

For Cleaning work of Auda garden party plot for 2 years in Bodakdev ward North west zone.

| **Last date for e-tendering is as under** | |
|---|---|
| 1. Last Date of online submission of e – Tender | DATE:- 12.07.2024 upto 5-00 PM. |
| 2. Physical submission of EMD, Tender fee and all other supporting documents. | DATE:- 12.07.2024 upto 5-00 PM |
| 3. Opening of online Technical Bid | DATE:-15.07.2024 12-00 PM onwards |
| 4. Opening of Price Bid | Will be intimated |
| 5. Bid Validity | 180 Days From the opening of price bid. |
| 6. Tender Fee | Rs. 1500 /- |
| 7. EMD | Rs. 83,154 /- |

**AHMEDABAD MUNICIPAL CORPORATION**

**NORTH WEST ZONE ZONAL OFFICE,RAJ MATA VIJAYA RAJE SHINDHIYA BHAVAN,JUDGES BUNGLOW ROAD,BODAKDEV,**

**AHMEDABAD - (GUJARAT) - 380054.**

**INFORMATION TO TENDERERS**

| | | |
|---|---|---|
| 1 | Short Tender Notice No: | **No. 03/ NWZ / 2024-25** |
| 2 | Last date of Online tender submission | DATE:- 12.07.2024 upto 5-00 PM. |
| 3 | Date of Tender Opening (Technical bid) | DATE:- 15.07.2024 12-00 PM onwards |
| 4 | NAME OF THE WORK | Cleaning work of Auda garden party plot for 2 years in Bodakdev ward of north west zone amc as per AMC Tender Requirements & terms. |
| 5 | TENDER FEES<br>(NON REFUNDABLE) | **Rs. 1500/-** to be submitted in the form of D.D. /P.O. in favour of Municipal Commissioner, Ahmedabad of any Nationalized Bank/Schedule bank To be submitted to the Office of Assistant Manager (Administration) North west zone, Zonal office Ahmedabad Municipal Corporation, Raj mata vijayaraje shindhiya bhavan, Judges bunglow road, Bodakdev, Ahmedabad -380054 |
| 6 | E.M.D. | **Rs. 83,154/-** to be submitted in the form of D.D. /P.O. in favour of Municipal Commissioner, Ahmedabad of any Nationalized Bank/Schedule bank To be submitted to the Office of Assistant Manager (Administration) North west zone, Zonal office Ahmedabad Municipal Corporation, Raj mata vijayaraje shindhiya bhavan, Judges bunglow road, Bodakdev, Ahmedabad -380054 |
| 7 | TIME LIMIT FOR EXECUTION | Successful tenderer shall have to commence the work with in 7 days from the date of issuance of work order and execute as per terms & conditions of the tender. |
| 8 | GENERAL CONDITION | As per tender documents. |

| | | |
|---|---|---|
| 9 | Security Deposit . | Security deposit would be @ 5% of the approved tender amount of 2 year. Successful bidder's deposited EMD would be computed in for Security deposit , and the balance amount ( total Security deposit amount – EMD paid) would have to be submitted in the form of D.D. /P.O. in of any Nationalized Bank/Schedule bank/mentioned in AMC circular in favour of Municipal Commissioner, Ahmedabad. |
| 10 | MODE OF SENDING THE TENDER / RELEVANT DOCUMENTS | By Hand delivery / Registered A.D. By Courior or Speed Post / addressed to, Office of Assistant Manager (Administration) North west zone, Zonal office Ahmedabad Municipal Corporation, Raj mata vijaya raje shindhiya bhavan, Judges bunglow road, Bodakdev, Ahmedabad - 380054 |

**Seal and Signature of the Bidder & Date:**

| | | |
|---|---|---|
| **P.H.S.** | **Sanitory suptd.** | **Dy.Director** |
| **Bodakdev ward** | **(North West Zone)** | **(North West Zone)** |

(૩૦૦ રૂા.નાં નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર પર આપવાનું રહેશે.)

## <u>બાંહેધરીપત્ર</u>

આથી જણાવવાનું કે મેં/ અમોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સો.વે.મે. ઉત્તર પશ્ચિમ  ઝોનના બોડકદેવ વોર્ડમાં આવેલ ઔડા ગાર્ડન પાર્ટી પ્લોટ(ટીપી-૫૦) ની સફાઇનું કામ કરાવવા માટે મંગાવેલ શોર્ટ ટેન્ડર નં. ૦૩/૨૦૨૪-૨૫ માં ટેન્ડર ભરેલું છે. આથી હું ................................................ (એજન્સીનું નામ) બાંહેધરી લખી આપું છું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંગાવેલ આ ટેન્ડરમાં જો મારૂ ટેન્ડર મંજુર થશે તો સદર કામ માટે મારા દ્વારા રોકવામાં આવતાં કામદારોને સરકારી ધોરણે પ્રવર્તમાન લઘુત્તમ વેતનદર ચૂકવવા હું બંધાયેલ છું. ભવિષ્યમાં પણ લઘુત્તમ વેતનદરમાં થતાં ફેર-ફાર મુજબ હું અમલ કરીશ. વધુમાં સદર કામ માટે મારા દ્વારા રોકવામાં આવનાર કામદારોને ચૂકવવામાં આવતાં માસિક વેતનમાંથી સરકારી નીતિ-નિયમો મુજબ પી.એફ., ઇ.એસ.આઇ.નાં નાણાં કાપીને સંબધીત સરકારી કચેરીમાં હું નિયમિત જમા કરાવીશ. આ અંગે ભવિષ્યમાં કોઇ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી મારી/ અમારી રહેશે. આ બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહીં.

(સહી)

તારીખઃ -

એજન્સીનું નામ અને સ્ટેમ્પ

સ્થળઃ -